# રાજકીય તાયફા બાદ કોરોનાની 'દિવાળીવાળી'

## હજુ પણ અગાઉની જેમ વાસ્તવિક આંકડાથી પ્રજાને અંધારામાં રખાય છે

શહેરમાં હોળી પુર્વે કોરોનાએ 'દિવાળીવાળી' કરી છે. ચૂંટણીમાં રાજકીય ટાયફાઓના પગલે કોરોના વકરવાનો છે એ ગાઈ વગાડીને મીડીયાએ કહ્યું હતું, પરંતુ મીડીયાનું કે સામાન્ય માણસોનું સાંભળે તો સરકાર શેની..?! હવે કડકાઈ કરાશે... ઢીલાશ નહીં ચલાવાય... એવા ભાષણો, આદેશો અને ઉપદેશો ઠાલા લાગે છે. ચૂંટણીઓના ટાયફાઓમાં કોઈ સોશીયલ ડીસ્ટન્સીંગ નહીં... કોઈ માસ્ક નહીં..!! એક જગ્યાએ નહીં આખા ગુજરાતમાં નિયમોના લીરેલીરા ઉડ્યાં હતા... અખબારોએ છાપ્યુ... ઈલેક્ટ્રોનિક માધ્યમોએ દર્શાવ્યુ પણ સત્તાના કોલાહલમાં સંભળાયું નહી કે સાંભળ્યું નહી..?! જે હોય તે... પરંતુ આજે પ્રજા કોરોના પોઝીટીવથી પીડાય છે. સાહેબ..! ચાર જ દિવસમાં કોરોનાના કેસમાં સો ટકા વધારો..!! અને એ સત્તાવાર...! બિનસત્તાવાર આંકડાઓ તો જાણવા જેવા જ નથી. હવે નાઈટ કરફ્યુની મુદતો વધારાય છે... પાર્ક અને ગાર્ડનો બંધ કરાવાય છે... ચાની કીટલીઓ પર ભીડ હટાવવા

**સમયસર**

**સ્થિતિની ગંભીરતા માટે સરકાર પારદર્શક અભિગમ અપનાવે એ જ સૌના હિતમાં છે**

કમિશરો ડંડા લઈને નીકળે છે..! આ બધુ 'ઘોડા નાસી ગયા પછી તબેલાને તાળા મારવા'નો ખેલ છે. પેલી રાજકીય રેલીઓ કે રેલાઓ કોઈ કમિશનરોને દેખાયા જ નહીં..?! પેલી સભાઓ ને સન્માનોમાં 'આંખ આડા કાન' કર્યા..! અને વિજય સરઘસોના કોલાહલમાં પ્રજાની સુખાકારીની વાતને કચડી જ નાખી. પરિણામ જોઈ શકાય છે આજે. ગામે ગામ અને શહેરે શહેર કોરોનાના કેસ ચિંતાજનક સ્થિતિએ પહોંચ્યા છે.

હજુ તો સરકારનું બહુ ખરાબ ના લાગે... રાજકીય આગેવાનો ખુલ્લા ન પડી જાય... એટલે કેસના આંકડા અગાઉની જેમ ઓછા અપાય છે કે ટૂકડે ટૂકડે અપાય છે. છેલ્લા ત્રણ દિવસથી ગાંધીનગર શહેર અને જિલ્લામાં મહાનગરપાલિકા કે જિલ્લા પંચાયત દ્વારા અપાતા સત્તાવાર આંકડા વાસ્તવિક આંકડા કરતાં અડધાથી પણ ઓછા છે..!! મંગળવારની જ વાત કરીએ તો ગાંધીનગર શહેરમાં સત્તાવાર રીતે મનપાની યાદીમાં ૧૨ કેસ દર્શાવાયા હતાં, જ્યારે જિલ્લા પંચાયતની યાદીમાં ૯ કેસ દર્શાવાયા હતાં. શહેરની ૬ ખાનગી લેબોરેટરીમાં મંગળવારે કુલ ૩૮ પોઝીટીવ કેસ નોંધાયા હતાં. જ્યારે મેડીકલ કોલેજ, મનપા અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો તો જુદા..!! મુળ પ્રશ્ન એ છે કે વાસ્તવિકતા શા માટે છુપાવવામાં આવે છે..?! એક તરફ કડકાઈ કરવી છે તો પ્રજાને સાચી સ્થિતિથી અવગત કરવી જોઈએ. ત્યારે જ સ્થિતિની ગંભીરતા નાગરિકો સમજશે અને નિયમોનું પાલન કરવા મજબુર બનશે... એમાં કંઈ સરકારનું ખરાબ દેખાવાનું નથી ઉલટા પ્રજા સરકારની પડખે રહેશે અને આદર્શ સ્થિતિ તો એ કહેવાય કે સરકાર અને સમાજ સાથે રહીને લડે તો પરિણામ સુધી પહોંચી શકાશે. ચાલો..! હજુ પણ મોડુ થાય એ પહેલાં પારદર્શક અભિગમ દ્વારા વાસ્તવિક સ્થિતિથી સમાજને અવગત કરીએ... જાગૃત કરીએ અને કોરોના સામેની લડાઈમાં સૌને સંકલિત કરીએ. એ જ સમયનો અણસાર છે.

# જિલ્લા પંચાયત પ્રમુખ તરીકે દિલીપ પટેલ

## ઉપ પ્રમુખ પદે ગુણવંતસિંહ ચાવડા વિજયી થયા : વિકાસના કામોમાં સકારાત્મક સહયોગ આપીશુ : અજીતસિંહ

## કરકસર કરીશુ ખોટા ખર્ચા નહિ કરીએ ખેડૂતો ડ્રીમ ઈરીગેશન તરફ વળે તે અમારી અગ્રતા હશે : દિલીપભાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે બે દાયકા બાદ વિજેતા જાહેર કર્યા હતા.

પ્રમુખપદે દિલીપ પટેલ અને ગુણવંતસિંહ ચાવડાની નિયુક્તીને



ભાજપે સત્તાના સૂત્રો વિધિવત્ રીતે સંભાળી લીધા છે.

જિલ્લા પંચાયતની પ્રથમ સામાન્ય સભા જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યના અધ્યક્ષપદે પંચાયતના સરદાર પટેલ હોલમાં યોજાઈ હતી. પ્રમુખ અને ઉપપ્રમુખ પદ માટે એક માત્ર દરખાસ્ત હતી જેનો ધ્વની મતથી સ્વીકાર કરવામાં આવતાં કલેક્ટરે પ્રમુખ તરીકે દિલીપભાઈ શામળભાઈ પટેલ અને ઉપપ્રમુખ પદે ગુણવંતસિંહ પીથુજી ચાવડાને કોંગ્રેસના સભ્ય અજીતસિંહ રાઠોડે આવકારતાં જણાવ્યુ હતુ કે કોંગ્રેસ સકારાત્મક વિપક્ષની ભૂમિકા અદા કરશે. પ્રજાહિતના તમામ કામોમાં સહયોગ આપીશુ પણ તેમાંથી જો કોઈ કટકી કરવાનો પ્રયાસ હશે તો તેને બક્ષીશુ પણ નહિ. રાઠોડે જણાવ્યુ હતુ કે સામુહિક વિકાસ એ અમારૂ લક્ષ્ય હતુ છે અને રહેશે.

પ્રમુખપદે વરાયા બાદ દિલીપભાઈ પટેલે પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યુ હતુ કે અમે જિલ્લાના વિકાસને સંતુલિત કરીશુ. કૃષિક્ષેત્રે ખેડૂતો ડ્રીમ ઈરીગેશન અપનાવે તે દિશામાં સઘન પ્રયાસો કરીશુ. જિલ્લાના લોકોની પ્રાથમિક અગત્યતા ધરાવતા કામોને અગ્રતા આપવામાં આવશે.

તેમણે એમ પણ કહ્યુ હતુ કે અમે કોઈ ખોટા ખર્ચાઓ નહિ કરીએ પણ ઓછા ખર્ચે સામુહિક વિકાસના કામો હાથ ધરી સૌનો વિકાસ થાય તે દિશામાં કામ કરીશુ.

પટેલે પત્રકારોને જણાવ્યુ હતુ કે પંચાયતી રાજ વ્યવસ્થા સુદૃઢ બને અને પંચાયતોની આવક વધે તે માટે પંચાયતોને જરૂરી તમામ માર્ગદર્શન પણ આપીશુ.

પટેલ અને ચાવડાના વિજયને ભાજપના અગ્રણીઓ વાડીભાઈ પટેલ, આઈ.બી. વાઘેલા, કોદરભાઈ પટેલ, રમેશભાઈ ચૌધરી, રમેશભાઈ પટેલ (ઈસનપુરમોટા), રામાજી ઠાકોર, વિનુભાઈ પટેલ (સરપંચ-ચંદ્રાલા), જયેશભાઈ ચૌધરી, અશોકભાઈ પટેલ (વકીલ), હીનાબેન પટેલ, ભારતીબેન શુકલ, શિલ્પાબેન જયેશભાઈ પટેલ, હરીશભાઈ પટેલ સહિતના કાર્યકરો અને આગેવાનોએ વધાવી લીધો હતો અને હાર પહેરાવી અભિનંદનની વર્ષા કરી હતી.

જિલ્લાભરમાંથી ૧ હજારથી વધુ આગેવાનો અને કાર્યકરો આ ઐતહાસિક ઘડીના સાક્ષી બન્યા હતા.

# મનપાની ચૂંટણી માટે ભાજપે ૩ ઈન્ચાર્જ નિયુક્ત કર્યા

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગરપાલિકાની આવી રહેલી ચૂંટણીને પગલે પ્રદેશ ભાજપ દ્વારા ત્રણ ચૂંટણી ઈન્ચાર્જની નિયુક્તી કરવામાં આવી છે.

રાજયના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ અને પ્રદેશ ભાજપના પૂર્વ મંત્રી અમીતભાઈ ઠાકરની નિયુક્તી કરવામાં આવી છે.

આ ઈન્ચાર્જોની ઉપસ્થિતિમાં ટુંકમાં જ શહેર ભાજપના આગેવાનોની એક બેઠક મળશે. આ બેઠકમાં વોર્ડવાર સમીક્ષા કરી અને ચૂંટણીની રણનીતિ તેમજ ઉમેદવારોની પસંદગી અંગેના માપદંડો જે પ્રદેશ સમિતિ દ્વારા નિયત કરાયા છે તે વિશે માર્ગદર્શન આપી આગળ વધવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી આગામી મહિને અથવા મે ના પ્રથમ સપ્તાહમાં યોજાશે. ભાજપ દ્વારા પેજ પ્રમુખો અને અન્ય આનુસંગિક કામગીરી હાથ ધરી દેવામાં આવી છે. આગામી દિવસોમાં વિવિધ સંમેલનો સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે તેમ પક્ષના સૂત્રોએ જણાવ્યુ છે.

# પ્રથમ સામાન્ય સભામાં કોંગ્રેસના ૬ સભ્યો ગેરહાજર

## ભાજપના નેતા વરાયેલા ભરતજી ઠાકોરની તાલુકા પંચાયતની બેઠક ખાલી પડી : ભાજપે સમિતિઓની રચના પહેલા ચેરમેનોના નામ જાહેર કર્યા : અધ્યાશી અધિકારી જ સભામાં ૧૦ મિનિટ મોડા પડ્યા

**સામાન્ય સભાની સાથે-સાથે**

- ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે પ્રથમ સામાન્ય સભામાં કોંગ્રેસના ૬ સભ્યો ગેરહાજર રહ્યા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની પ્રથમ બેઠક તેના નિયત સમય કરતાં ૧૦ મિનિટ મોડી શરૂ થઈ હતી. અધ્યાશી અધિકારી જ મોડા પડ્યા હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતની પ્રથમ બેઠક વખતે કોંગ્રેસના નેતાઓએ હાજરી આપવાનું ટાળ્યુ હતુ. જો કે જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પણ ન આવ્યા. કોંગ્રેસના બે સભ્યો પણ સભા પૂર્ણ થયા પછી પહોંચ્યા હતા.
- જિલ્લા પંચાયતમાં ભાજપના ચૂંટાયેલા સભ્યોના નેતા અને દંડક તેમજ કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેનના નામોની આજે ભાજપે ઘોષણા કરી દીધી છે.
- ભાજપ પક્ષના નેતા તરીકે ભરતસિંહ ઠાકોર, દંડક તરીકે પીનાબેન અલ્કેશભાઈ ચૌધરી, કારોબારી સમિતિના ચેરમેન તરીકે દિનેશજી ઠાકોર અને સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે રંજનબેન જાદવની નિયુક્તી જાહેર કરવામાં આવી છે.
- જિલ્લા પંચાયતના પ્રમુખ-ઉપપ્રમુખ તરીકે વરાયેલા દિલીપભાઈ પટેલ અને ગુણવંતસિંહ ચાવડા ગુરૂવારે વિધિવત ચાર્જ સંભાળશે.
- જિલ્લા પંચાયતના સભાખંડમાં બરાબર ૧૧ વાગે માત્ર ને માત્ર ૪ સભ્યો હાજર હતા જેથી બેઠક નોન કોરમ ગણી શકાય. ૧૧ વાગે અધ્યાશી અધિકારી પણ પહોંચ્યા ન હતા.
- સભાખંડમાં એ વેળાએ કોંગ્રેસના ૩ સભ્યો અને ભાજપમાંથી દિલીપભાઈ એસ. પટેલ માત્ર હાજર હતા.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કાર્યકરો અભિનંદનની વર્ષા ચૂંટાયેલા હોદ્દેદારો પર કરી રહ્યા હતા ત્યારે બહાર ડી.જે. બેન્ડની સૂરાવલીઓએ વાતાવરણને ગજવી દીધુ હતુ.
- પ્રથમ સામાન્ય સભા હોવાથી નેતાઓ અને કાર્યકરોના ધસારાને કારણે પાર્કિંગની સમસ્યા પણ મોટી થઈ હતી અને માર્ગ પર ટ્રાફિક જામની સ્થિતિ ઉભી થઈ હતી.
- ગાંધીનગર જિલ્લા પંચાયત ભાજપ પક્ષના નેતા તરીકે વરાયેલા ભરતજી રાયસંગજી ઠાકોરે આદરજ મોટી બેઠક પરથી તાલુકા પંચાયતના સદસ્ય હતા પરંતુ જિલ્લામાં વિજયી થતાં તેમણે તેમની બેઠક ખાલી કરી છે હવે આ એક બેઠકની પેટા ચૂંટણી યોજાશે. તાલુકા પંચાયત ગાંધીનગરે આ બેઠક ખાલી પડી હોવાનો અહેવાલ જિલ્લા પંચાયતને મોકલી આપ્યો છે.

# જિલ્લામાં કોરોના વકર્યો : વધુ ૨૪ કેસ

## ગાંધીનગર તાલુકામાં ૮, કલોલ-માણસામાં ૧-૧ કેસ નોંધાયા : સે. ૨૭ અને ૫ માં ૩-૩ કેસ, સે. ૨૮, ૬ માં બે-બે કેસ ઉપરાંત ૩, ૪, ૭ અને ૨૨ માંથી કેસ મળ્યા : ૧૨ ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં કોરોના વધુ વકર્યો છે આજે એક જ દિવસમાં ૨૪ કેસ નોંધાયા છે. જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતામાં વધારો થયો છે. તંત્રએ કોરોનાના વધતા જતા કેસોને પગલે ટેસ્ટીંગમાં વધારો કરવા તેમજ સર્વેલન્સ વધુ સઘન બનાવવા માટે તાકીદ કરી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૦ કેસ અને ગાંધીનગર શહેરમાં ૧૪ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં ૩ મહિલા દર્દી છે તેમજ એક દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. બાકીના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લામાં આજે પણ એક વિદ્યાર્થી સંક્રમિત થયો છે.

જિલ્લામાં ગાંધીનગર તાલુકામાં કોરોના બેખોફ બન્યો છે. ગાંધીનગર તાલુકાના ગામોમાં આજે ૮ કેસ નોંધાયા છે જ્યારે કલોલ અને માણસામાં એક-એક કેસ નોંધાયા છે. ગાંધીનગર તાલુકાના કુડાસણમાંથી આજે વધુ ૩ કેસ મળ્યા છે. આ ઉપરાંત છાલા, લવારપુર, અડાલજ, રાંદેસણ અને સરગાસણમાંથી પણ એક-એક કેસ મળી આવેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં આજ સુધીમાં ૪૨૦૨ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં હાલ ૫૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૯૨૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે ૧૪ કેસ નોંધાયા છે. આજે નોંધાયેલા કેસોમાં ૭ મહિલા દર્દી છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે આજે નોંધાયેલા દર્દીઓમાં ૧૧ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. શહેરમાં આજે સંક્રમિત થનારાઓની સંખ્યા વધવા પામી છે. આજે બે દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં બે દંપત્તિ કોરોનાની ઝપટે ચડી ગયા છે.

શહેરમાં આજે સે. ૨૭ માંથી અને સે. ૫ માંથી ૩-૩ કેસ ઉપરાંત સે. ૨૮ અને સે. ૬ માંથી બે-બે કેસ તેમજ સે. ૩, ૪, ૭ અને સે. ૨૨ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં કોરોનાનો કહેર વધતાં હરકતમાં આવેલ તંત્રએ સઘન સર્વેલન્સની સાથે સાથે ટેસ્ટીંગ અને ટ્રેસીંગ પર પણ ભાર મુકી સમયસર સારવાર માટે આગ્રહ કર્યો છે. શહેરમાં રિકવરી રેટ સારો છે તેથી તંત્રને રાહત જરૂર છે આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં મોટી વયના લોકો અને મહિલાઓ જે રીતે સંક્રમિત થઈ રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. મોટી વયના લોકોને અનિવાર્ય ના હોય તો ઘરમાં જ રહેવાની સલાહ પણ તંત્ર દ્વારા આપવામાં આવી છે.

# કોરોનામાં પરિવારો સપડાઈ રહ્યા છે...

## આજે શહેરમાં ૬૫૦ લોકોના ટેસ્ટ કરાયા : શરદી-તાવ જણાય તો ડોક્ટરની સલાહ લેવી અને ટેસ્ટ કરાવવા અપીલ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના નવા કહેરમાં પરિવારો સપડાવાની વાતો બહાર આવતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. તંત્રએ માસ્ક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સીંગ જાળવી રાખવા પણ અપીલ કરી છે.

તંત્રએ આજે શહેરમાં પુનઃ ટેસ્ટીંગની કામગીરીને સઘન બનાવી છે અને આજે એક જ દિવસમાં ૬૫૦ થી વધુ લોકોના ટેસ્ટ કર્યા છે. સામાન્ય શરદી તાવ જણાય તો તાત્કાલિક ડૉક્ટરનો સંપર્ક કરી અને ટેસ્ટીંગ તેમજ સારવારનો આગ્રહ પણ તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે. હોમ આઈસોલેશનના નિયમોનું પણ યોગ્ય રીતે પાલન થાય તે જોવા અપીલ કરતાં તંત્રએ જણાવ્યુ છે કે મોટીવયના લોકો અનિવાર્ય ના હોય તો બહાર જવાનુ ટાળે તેમજ હાથ સતત સેનીટાઈઝ કરવા અથવા સાબુથી ધોવા પણ સલાહ આપી છે.


# મેટ્રો રેલ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો ૨૦૨૨માં પૂર્ણ થશે : મુખ્યમંત્રી

## ગાંધીનગરની પાણી-પુરવઠા યોજના માટે ૨૧૮.૭૨ કરોડની ફાળવણી કરાઈ છે : મહાત્મા મંદિરમાં યોજાયેલ કાર્યક્રમો પેટે બે કરોડથી વધુની વસુલાત બાકી છે : નાયબ સેક્શન અધિકારીની ૬૮૧ જગ્યાઓ ખાલી છે : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૭

રાજ્ય વિધાનસભા ગૃહમાં વિભાગો પરની માંગણીઓ રજુ થયેલ અંદાજપત્ર સંદર્ભે શરૂ થઈ ગઈ છે. આજે રાજ્યની વિવિધ જિલ્લા-તાલુકા તેમજ નગરપાલિકાઓની પ્રથમ સામાન્ય સભા બોલાવેલી હોવાથી સભ્યોમાં પણ બહુ ઉત્સાહ જોવા મળતો ન હતો. પ્રશ્નોત્તરીના સમયે જોવા મળતી ઉત્તેજના પણ જોવા મળી ન હતી.

આજે ગૃહમાં સામાન્ય વહીવટ વિભાગ, ઉદ્યોગ, શહેરી વિકાસ, માહિતી પ્રસારણ,



**વિધાનસભામાં ગાંધીનગર**

**- પ્રકાશ જહા**

ક્લાઈમેટ ચેઈન્જ, જળસંપત્તિ, પોલીસ હાઉસીંગ, નશાબંધી અને આબકારી વિભાગને લગતી પ્રશ્નોત્તરી હતી.

- **ઘનકચરા તથા વ્યવસ્થાપનની કામગીરી**

કોંગીના માણસાના ધારાસભ્ય સુરેશભાઈ પટેલે ગાંધીનગર જિલ્લામાં ઘન કચરા વ્યવસ્થાપન નિયમ ૨૦૧૬ અંતર્ગત દર ત્રણ માસે જિલ્લા કલેક્ટર દ્વારા નગરપાલિકા તરફથી ઘનકચરા નિકાલ તથા વ્યવસ્થાપનની કામગીરીના પુનરાવલોકન અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે દર ત્રણ માસે આવુ પુનરાવલોકન કરવામાં આવે છે.

તેમણે સભ્યશ્રીના પુરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે છેલ્લા બે વર્ષથી નિયમિત રીતે આ માટે પુનરાવલોકન કરવામાં આવે છે.

- **મેટ્રોરેલ પ્રોજેક્ટ**

કોંગીના દાણીલીમડાના ધારાસભ્ય શૈલેષભાઈ પરમારે આજે અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટની કામગીરી અંગે લેખિત પ્રશ્ન પુછ્યો હતો.

અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટની કામગીરી અન્વયે પ્રથમ તબક્કાનું કામ સને ૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હતુ તે કામગીરી ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ કયા તબક્કે છે તેવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ૬.૫ કિ.મી.નું પ્રાયોરીટી રીચ (વસ્ત્રાલ ગામથી એપરેલ પાર્ક)ની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે અને મેટ્રો સેવા કાર્યરત છે.

તેમણે જણાવ્યુ હતુ કે બાકીના ૩૪ કિ.મી.માં આશરે ૬૭ ટકા કામ પૂર્ણ થયેલ છે. તેમણે એમ પણ જણાવ્યુ છે કે પ્રથમ તબક્કાની કામગીરી ૨૦૨૨ સુધીમાં પૂર્ણ થઈ જાય તે રીતનું આયોજન છે અને આ પછી રેલ સેવા ચાલુ થઈ જશે.

- **ગાંધીનગરની પાણી પુરવઠા યોજના**

ભાજપના ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શંભુજી ઠાકોરે ગાંધીનગર શહેરની પાણી પુરવઠા યોજનાના કામો અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે ૩૧-૧-૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સ્માર્ટસીટી યોજના અંતર્ગત ગાંધીનગર શહેર માટે પાણી પુરવઠા યોજના માટે રૂ. ૨૧૮.૭૨ કરોડની રકમ મંજૂર કરવામાં આવેલ છે.

૩૧-૧-૨૧ની સ્થિતિએ આ કામગીરી અંતર્ગત મંજૂર થયેલા કામો પ્રગતિ હેઠળ છે. આ કામગીરીના કરાર મુજબ કામ તા. ૨૨-૭-૨૨ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન હોવાનું પણ મુખ્યમંત્રીએ સભ્યશ્રીના લેખિત પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

- **મહાત્મા મંદિરની વસુલવાની બાકી રકમ**

કોંગીના ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ મહાત્મા મંદિર ખાતે કાર્યક્રમોની વસુલવાની બાકી રકમ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહાત્મા મંદિર ખાતે યોજાયેલ કાર્યક્રમોની રૂ. ૨,૦૪,૫૪,૭૭૮ ની વસુલાત બાકી છે.

સભ્યશ્રી ચાવડાના પૂરક પ્રશ્નના ઉત્તરમાં મુખ્યમંત્રીએ જણાવ્યુ કે ઉક્ત સ્થિતિએ સરકાર પાસેથી રૂ. ૨,૦૨,૯૦,૯૯૯ રૂ.ની વસુલાત બાકી છે. જ્યારે ખાનગી એજન્સી પાસેથી રૂ. ૧,૬૩,૭૭૯ ની વસુલાત બાકી છે.

છેલ્લા બે વર્ષમાં સરકારી કાર્યક્રમો ૩૮ અને ખાનગી કાર્યક્રમો ૩૭ યોજવામાં આવ્યા છે.

તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે ઉક્ત સ્થિતિએ ભાડા પેટે કુલ વસુલવામાં આવેલ રકમ ૧૫,૫૧,૨૧,૩૪૪ રૂ. છે. જ્યારે ભાડાપેટે વસુલવાની બાકી રકમ રૂ. ૨,૦૨,૯૦,૯૯૯ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યુ છે કે બાકી લેણાની વસુલાત માટે સંબંધિત વિભાગોને વખતોવખત પત્ર વ્યવહારથી જાણ કરેલ છે. જ્યારે એક ખાનગી

● અનુસંધાન પાન-૩ પર

ARRDEKTA Homoeopathy Medical College & Hospital
E-Mail : ektaedu.inst@gmail.com, www.arrdekta.org
• Applications are invited from interested candidates for positions in the following disciplines:-

| STAFF REQUIREMENT | | |
|---|---|---|
| NO | NAME OF POST | NO. OF POST |
| 1 | Medical Superitendent | 1 |
| 2 | Senior Medical Officer | 1 |
| 3 | Resident Medical Officer | 1 |
| 4 | Medical Officers | 2 |
| 5 | House Physicians | 2 |
| 6 | Nurses | 4 |
| 7 | Dispenser | 1 |
| 8 | X-Ray Technician | 1 |
| 9 | OT Attendant | 1 |

• Qualifications & Experience as per AYUSH/CCH/HNGU norms. Interested Candidate may apply with all the Relevant Certificate on below address By E-Mail. Last date for application received us : 31/03/2021
ARRDEKTA Homoeopathy Medical College & Hospital
On Ahmedabad-Ambaji S.H. No.: 09, At&Po.: Radhiwad,
Tal.: Khedbrahma, Dist.: Sabarkanth, Gujarat-383255
Mo. 96623 49530, 94287 70953

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com